# સરદાર પટેલ યુનિવર્સિટી

સંદર્ભઃ ૧) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃ CRN/102020/15032020/KH2, તા. ૧૫/03/૨૦૨૦
૨) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ પરચ/૧૧૨૦૨૦-૧૫૧-વ.૨, તા. ૧૫/03/૨૦૨૦
3) Guidelines regarding the precautions to be taken against spread of COVID-19

પરિપત્રઃ

સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, પી.જી., સેન્ટરના વડાશ્રીઓ અને અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે કે હાલમાં કોરોના વાઈરસ કે જેને WHO દ્વારા મહામારી જાહેર કરવામાં આવેલ છે. રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃપરચ/૧૧૨૦૨૦-૧૫૧-વ.૨થી મળેલ સૂચના અનુસાર સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, પી.જી., સેન્ટરના વડાશ્રીઓ અને અનુસ્નાતક ભવનો તા. ૧૬/03/૨૦૨૦ થી તા. ૨૯/03/૨૦૨૦ સુધી શૈક્ષણિક કાર્ય બંધ રાખવા જણાવવામાં આવે છે.

હાલમાં સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા જે આંતરિક કસોટીઓ/પ્રાયોગીક પરીક્ષાઓનુ આયોજન કરવામાં આવેલ છે, તે ચાલુ સપ્તાહના અંત સુધીમાં લઇ પૂર્ણ કરવાની રહેશે. તેમજ તા. ૨3/03/૨૦૨૦ થી શરૂ થનાર જુદી-જુદી વિદ્યાશાખાઓની સ્નાતક તથા તા. 30/03/૨૦૨૦ થી શરૂ થનાર અનુસ્નાતકની તમામ પરીક્ષાઓ હાલ પુરતી મુલતવી રાખવામાં આવે છે, જેની નવી તારીખ નિયત થયેથી જાણ કરવામાં આવશે.

ઉપર્યુક્ત સમયગાળા દરમ્યાન સંલગ્ન કોલેજો, પીજી સેન્ટર અને યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનો ખાતે શૈક્ષણિક કર્મચારીઓ તથા વહીવટી કર્મચારીઓએ રાબેતા મુજબ ફરજ પર હાજર રહેવાનુ રહેશે અને રાજ્ય સરકારશ્રી તરફથી જે સૂચનાઓ મળે તેની ચૂસ્તપણે અમલવારી કરવાની રહેશે, તેમજ આ સાથે સામેલ Precautions to be to be taken by all higher education institutions in Gujarat to prevent the spread of COVID-19 (Novel Corona Virus) ની અમલવારી કરવા અંગેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

કા. કુલસચિવ

નં. ૬03૫
તારીખઃ ૧૬/03/૨૦૨૦
સ્થળઃ વલ્લભ વિદ્યાનગર

પ્રતિઃ
૧) સર્વે આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજા.
૨)વડાશ્રીઓ, યુનિવર્સિટી અનુસ્નાતક ભવનો.
3) તમામ સંબંધકર્તાઓને
૪) પ્રમુખશ્રી/મંત્રીશ્રી, મેનેજમેન્ટ ટ્રસ્ટીઓ